# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-01-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ અંદાજપત્ર સત્ર

સંસદના અંદાજપત્ર સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધન સાથે થઈ. રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે "વિકસિત ભારત જી રામજી" કાયદો ઘડવામાં આવ્યો છે. નવો કાયદો ગ્રામીણ વિસ્તારોમાં 125 દિવસની રોજગારીની બાંહેધરી આપે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું કે સરકારના સતત પ્રયાસોને કારણે, હાલમાં આશરે 95 કરોડ ભારતીયો સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ લઈ રહ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂરએ વિશ્વ સમક્ષ આતંકવાદ સામે ભારતના મજબૂત વલણને દર્શાવ્યું છે. 2025 સુધીમાં ભારતનું સંરક્ષણ ઉત્પાદન 15 લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે છેલ્લા દાયકામાં ૨૫ કરોડ નાગરિકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. સરકારની મજબૂત નીતિઓ અને પહેલને કારણે, દેશમાં કૃષિ ઉત્પાદનમાં ઝડપી વધારો થયો છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધનને વ્યાપક, સ્વપ્નદ્રષ્ટા અને ભવિષ્યલક્ષી ગણાવ્યું. સોશિયલ મીડિયા સંદેશમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે સંબોધનમાં ભારતની નોંધપાત્ર વિકાસ યાત્રાની સ્પષ્ટ રૂપરેખા આપવામાં આવી છે.

**-------------------------------------------------------------------------------**

## PM – અંદાજપત્ર અંગે સમીક્ષા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં આપેલા સંબોધનમાં તાજેતરના સમયમાં ભારતની નોંધપાત્ર વિકાસ યાત્રા દર્શાવવામાં આવી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ આ સંબોધનને વ્યાપક અને વ્યવહારુ ગણાવ્યું. આ સંબોધનમાં ખેડૂતો, યુવાનો, ગરીબો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના સતત પ્રયાસોને બિરદાવતા વિવિધ વિષયોનો પણ સમાવેશ થાય છે.

-----------------------------------------------------------------------------------

## બીટિંગ રીટ્રીટ સમારોહ

77મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે બીટિંગ રીટ્રીટ સમારોહ આજે નવી દિલ્હીના વિજય ચોક ખાતે યોજાશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય કેન્દ્રીય મંત્રીઓ સમારોહમાં હાજરી આપશે. ભારતીય સેના, નૌકાદળ, વાયુસેના અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના બેન્ડ્સ પ્રદર્શન કરશે.

-----------------------------------------------------------------------------------

## સહકારી મંડળીઓની ચૂંટણી

રાજ્યની સહકારી મંડળીઓની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી આગામી છ મહિના સુધી નહીં યોજાય. પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા **S.I.R.** પ્રક્રિયા ચાલી રહી હોવાથી રાજ્યના મહેસુલી તંત્ર દ્વારા નિર્દિષ્ટ પ્રકારની સહકારી મંડળીઓની વ્યવસ્થાપક સમિતિઓની ચૂંટણી યોજવી મુશ્કેલ છે. તેના કારણે તમામ પ્રકારની ચૂંટણી પ્રક્રિયા ગઇકાલે પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામાની તારીખથી આગામી છ મહિના સુધી યોજવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

---

## ‘આધારશિલા’ અભ્યાસક્રમ

રાજ્યની તમામ આંગણવાડીઓમાં નવી શિક્ષણ નીતિ મુજબ તૈયાર કરાયેલા "આધારશિલા" અભ્યાસક્રમને જૂન મહિનાથી અમલી બનાવાશે. ગાંધીનગરમાં મહિલા અને બાળવિકાસ મંત્રી ડૉક્ટર મનિષા વકીલની અધ્યક્ષતાંમાં યોજાયેલી બાળપણની સંભાળ અને શિક્ષણ – **ECCE** પરિષદની બેઠકમાં આ અભ્યાસક્રમને મંજૂરી અપાઈ.

તેમણે કહ્યું, આંગણવાડીમાં બાળકોને ચાર કલાકના દૈનિક સમયપત્રક મુજબ રમત-ગમત સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ અપાશે. ઉપરાંત બાળકો માટે ઉંમર મુજબની ‘પ્રવૃત્તિ પુસ્તિકા’ અને કાર્યકરો માટે ‘એક્ટિવિટી બેંક’ તૈયાર કરવામાં આવી છે. બેઠકમાં અભ્યાસક્રમની સાથે બાળકોના વિકાસના માપદંડ ધરાવતી પુસ્તિકા “મારી વિકાસ યાત્રા”ને પણ મંજૂરી મળી છે.

---

## PGVCL દ્વારા ઝુંબેશ

પૂર્વ કચ્છમાં વીજ બિલની કરોડો રૂપિયાની બાકી રકમ વસૂલવા માટે **PGVCL** દ્વારા ‘મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ’ શરૂ કરી દેવામાં આવી છે, જેના કારણે મોટા બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

આ વસૂલાત ઝુંબેશને સફળ બનાવવા માટે ભુજ અને અંજાર સર્કલની કુલ 45 જેટલી ખાસ ટીમો બનાવવામાં આવી છે. ગઈકાલે સવારે 8 વાગ્યાથી જ આ ટીમોએ મેદાનમાં ઉતરીને ખાસ કરીને ઔદ્યોગિક અને વ્યાપારી કનેક્શનો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જો ગ્રાહકો સ્થળ પર જ બાકી રકમનો નિકાલ નહીં કરે, તો તેમના કનેક્શન તાત્કાલિક કાપી નાખવામાં આવી રહ્યા છે.

---

## ક્રિકેટ

સમસ્ત સનાતન હિન્દુ સમાજ ભુજ દ્વારા મહાશિવરાત્રિની મહાશોભાયાત્રા બાબતે તા.31ના શનિવારે રાત્રે 10 કલાકે ગોસ્વામી સમાજવાડી ખાતે બેઠક યોજાશે.

તા. 1 ફેબ્રુઆરી રવિવારે સાંજે ધીંગેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં મહાશિવરાત્રી કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ બન્ને કાર્યક્રમોમાં સર્વે હિન્દુ સમાજના ભાઈ બહેનોને ઉપસ્થિત રહેવા મહાશિવરાત્રી મહાશોભાયાત્રા સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------

## મહાશિવરાત્રી અંગે બેઠક

ન્યુઝીલેન્ડની ટીમે ભારતને ચોથી ટી 20 મેચમાં 50 રને હરાવી પાંચ મેચની શ્રેણીમાં પ્રથમ વિજય મેળવ્યો છે, જ્યારે ત્રણ મેચ સાથે શ્રેણી જીતી જનાર ભારતીય ટીમને પ્રથમવાર પરાજય ખમવો પડ્યો છે. વિશાખાપટનમ ખાતેની મેચમાં ટોસ જીતી ન્યૂઝીલેન્ડ ટીમને દાવમાં ઉતારી હતી. ટીમે 7 વિકેટે 215 રન કર્યાં હતા સાઇફર્ટે સૌથી વધુ 62 રન કર્યા હતા. ભારતીય ટીમ વળતા જવાબમાં 165 રન કરી શકી હતી. શિવમ દુબે એ ઝડપી રમત રમી 65 રન કર્યા હતા**.**

---------------------------------------------------------------------------